# સાચા શબદના કવિ : મનુભાઈ ત્રિવેદી (સરોદ–ગાફિલ)

**પ્રા. રાજેશ એમ. રૂપારેલિયા**
રાયજીબાગ, શેરી નં.૧૫, બ્લોક ૨
મોતીબાગ પાસે, જૂનાગઢ ૩૬૨૦૧૫

શિક્ષણએ માનવીના જીવનની મૂળભૂત આધારશીલા છે. શિક્ષણ દ્વારા માનવી સુસંસ્કૃત બની શકે છે. ઋષિકાળથી શિક્ષણનું મહત્ત્વ માનવસમુદાય ઉપર મહત્ત્વના સ્થાને રહયું છે. શિક્ષણ દ્વારા વ્યકિત સાહિત્યિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મૂલ્યો તરફ ગતિ કરે છે. આજના સમયમાં ઉચ્ચ શિક્ષણનું તેમજ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનું અગ્રિમ સ્થાન છે. ઉચ્ચ શિક્ષણ સંસ્થા સત્વશીલ વ્યકિતના વિશિષ્ટ પ્રદાનને સમાજ કે રાષ્ટ્ર સુધી પહોંચાડે એ તેમનું ઉત્તરદાયિત્વ છે. એ ઉત્તરદાયિત્વને નિભાવવાની નૈતિક ફરજ શ્રી માણાવદર કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ, કોમર્સ એન્ડ કોમ્પ્યુટર સાયન્સ કોલેજ, માણાવદર નિભાવે છે. માણાવદરની ધરતીના પનોતા પુત્ર શ્રી મનુભાઈ ત્રિવેદી – સરોદ – ગાફિલે, ભજન, ગઝલ, અછાંદસ કાવ્યો, બાળકાવ્યો, આધ્યાત્મ લેખો, વગેરે સાહિત્ય સ્વરૂપોનું ખેડાણ કર્યુ છે. સંસ્થાના પ્રમુખશ્રી જેઠાભાઈ પાનેરાની પ્રેરણા અને પ્રોત્સાહનથી તેમજ પ્રિન્સિપાલશ્રી ડો.મહેશ કે. મેતરાસાહેબના માર્ગદર્શન નીચે કોલેજના ગુજરાતી વિભાગ દ્વારા મનુભાઈ ત્રિવેદીની જન્મશતાબ્દી વર્ષની ઉજવણી કરી રહયા છીએ. આ ઉજવણીના ભાગરૂપે મારો અભ્યાસ લેખ રજૂ કરૂ છું.

આપણા ગઝલકારોમાં ગાફિલનું નામ ઘણા સમયથી જાણિતું છે એમાં પણ ખાસ કરીને;

**જુદી જિંદગી છે, મિજાજે મિજાજે,**
**જુદી બંદગી છે, નમાજે નમાજે.**

એ ગઝલથી ઓળખાતાં આ કવિએ ‘સરોદ’ ઉપનામથી મર્મીલા ભજનો પણ લખ્યા છે, તેની ઘણા ઓછાને ખબર હશે. મનુભાઈએ ભજન, ગઝલ ઉપરાંત છંદોબધ્ધ કાવ્યો, વાર્તાઓ, નાટિકાઓ, ચિંતન–લેખો, બાળકાવ્યો–લખ્યાં છે પણ તેમનો પ્રાણ તો ભજનમાં જ ઢળ્યો છે. ગઝલમાં પણ એમનો ભજનિક આત્મા પોતાનો એકતારો ભૂલ્યો નથી.

તા.૨૭ જુલાઈ ૧૯૧૪ માં જન્મેલા, માણાવદરના વતની મનુભાઈ ત્રિવેદીના પિતા ત્રિભુવનદાસ મૂળશંકર ત્રિવેદી માણાવદર રાજયના દિવાનબહાદૂર હતા. આ કવિએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માણાવદર અને રાજકોટમાં મેળવ્યું અને કોલેજનું શિક્ષણ જૂનાગઢ અને અમદાવાદમાં લીધું. પિતાના વારસારૂપે પ્રામાણિકતા, કાર્યનિષ્ઠા વિદ્યાપ્રિતી, સાહિત્યપ્રેમ – આ બધા સંસ્કારો તેમને મળ્યા. મનુભાઈ ત્રિવેદી ટેનિસ અને હોકીના પણ સારા ખેલાડી હતા અને તેમનું મિત્રમંડળ પણ વિશાળ હતું.

૧૯૩૫–૩૬માં કાયદાના સ્નાતક થઈ થોડો સમય વકીલાતનો વ્યવસાય કર્યો પછી બિલખા રાજયમાં ન્યાયાધીશ તરીકે સેવા સ્વીકારી. એ ઉપરાંત ધ્રોળ, ધ્રાંગધ્રા, હળવદ, સાવરકુંડલા, રાજકોટ, જૂનાગઢ, ભાવનગર અને

સુરતમાં સિવિલ જજ તરીકે સેવાઓ આપી. સેવાકાળના ત્રણ-ચાર માસ બાકી હતા ત્યારે ૧૯૭૨માં માર્ચ માસમાં બઢતીથી અમદાવાદની સ્મોલકોઝ કોર્ટના જજ નિમાયા. તા. ૮-૪-૧૯૭૨ ના રોજ અમદાવાદમાં મુશાયરો યોજાયો. મિત્રોના આગ્રહથી તેમણે ગઝલ રજૂ કરી. પછી પોતાના આશને બેઠા અને તરત જ મગજની નસ તૂટી જતાં બેભાન બની ગયા. બીજા દિવસે તેમનું અવસાન થયું. તેમણે છેલ્લે રજૂ કરેલી ગઝલના શબ્દો હતા.

**"જીવન જેમ જુદાં છે, કાયામાં જુદી,**
**છે મૃત્યુ ય જુદા, જનાજે જનાજે."**

મૃત્યુમાં જુદાપણું હાંસલ કરી જનાર આ કવિએ તેમનાં જીવનમાં ને કવનમાં પણ જુદાંપણું દાખવેલું. મનુભાઈ ત્રિવેદીના ત્રણ પ્રકાશનો છે : ભક્તિરસના ૧૦૮ મણકાની માળા જેવાં ભજનોનો સંગ્રહ 'રામરસ' – ૧૯૫૬, ૧૯૯૬; એકસો છવીસ ભજનોનો બીજો સંચય 'સુરતા' – ૧૯૭૦ અને ભક્તિભાવ સભર ગઝલસંગ્રહ 'બંદગી'– ૧૯૭૩, ૨૦૦૦. એ ત્રણ સંગ્રહો ઉપરાંત લગભગ આઠ જેટલી હસ્તપ્રતોમાંથી ૧૦૯ જેટલી રચનાઓ પસંદ કરીને ડો. ચંદ્રકાંત ટોપીવાળાએ 'પવન પગથિયા' (૨૦૦૪) શીર્ષકથી સંપાદન તૈયાર કર્યું છે. 'પવન પગથિયા'માં મનુભાઈ ત્રિવેદીની છંદોબદ્ધ રચનાઓ અને બાળકાવ્યોને સંપાદકશ્રીએ પહેલીવાર ગ્રંથસ્થ કર્યા છે.

મનુભાઈ ત્રિવેદીને સ્વામિ આનંદ 'ખાતાનો જીવ' કહેતા તો હરિકૃષ્ણ પાઠક તેને' મહાન ભક્તરાજ કહે છે'. 'રામરસ' સંગ્રહમાં 'અંતર વલોણું' શીર્ષકથી પ્રસ્તાવનામાં શ્રી સ્વામિ આનંદ લખે છે: "આ ભજન સંગ્રહમાં મોટે ભાગે એવી જ અંતરની આરતને આકુળ વ્યથામાંથી જન્મેલા કાવ્યો છે. એમાં વિરહવ્યથા કે આંતરખોજની જિજ્ઞાસા ઉપરાંત આત્મદર્શનના ઘૂઘવાટ કે આછેરા સૂર પણ કયાંક કયારેક ઉઠયા છે." – 'રામરસ' પૃ.૬.

પોતાના ભજનો વિશે 'સુરતા' સંગ્રહની પ્રસ્તાવનામાં મનુભાઈ ત્રિવેદી – સરોદ સર્જક કેફિયત આપતાં નોંધે છે : "સૌરાષ્ટ્રના એક નાનકડા ગામને પાદર આવેલા નાના મંદિરના ઓટા પર બેસી ખોળામાં રામસાગર લઈ ધીમા સૂરે સૂજે તેવાં ભજનો ગાતા કોઈ અલ્લડ બાવાનો હું સીધો વારસદાર છું. તે વારસો જાળવવો કઠણ છે, છતાં અણઘડ વાણીમાં જેવા આવડે તેવા ભજનો ગાઈ મારો રામ રીઝવવા મથું છું."

સ્વામિ આનંદ જેને અંતરવલોણું કહે છે ને ખુદ કવિ જેને અંતરવ્યથા કહે છે તે વ્યથા કવિમિત્ર મકરન્દ દવેને લખેલા પત્રમાં અનુભવી શકાય : "જાણું છું કે મારે ઘણો પંથ કાપવાનો છે; હોડી જર્જરિત થઈ ચૂકી છે પણ ધપવા પ્રયત્ન છે. મારા ભજનમાં આનંદ-ઉલ્લાસ કયાંથી હોય ? જે હોય તે ક્ષણને પકડવાનું પુણ્ય છે. બાકી તો છાતીને તોડી નાખતી વ્યથા, ઘણી વખત મારી ઈચ્છા ન હોય તો પણ વ્યકત થઈ જાય છે. મારો સભાન પ્રયત્ન તેને મોળી કરવાનો હોય છે. નહીંતર હું ગાઉં નહીં, માત્ર રોઉં જ."

મનુભાઈ ત્રિવેદીએ ગઝલ અને ભજન બે પદ્ય પ્રકારોમાં માતબર પ્રદાન કર્યું છે. તેમનાં ભજનો ઉપર રૈદાસ અને મીરાંબાઈની અસર છે તો ગઝલમાં મીરના કલામમાંથી જે કલંદરી ઉઠે છે તેની ઝાંખી વરતાય છે.

'બંદગી' સંગ્રહમાં 'કલંદરના ઈશારા' શીર્ષક નીચે શ્રી મકરંદ દવે નોંધે છે : "રૈદાસનો અમીરસ અને મીરનો આ હાલ–મસ્ત મિજાજ મનુભાઈની ગઝલમાં હાથમાં હાથ પરોવીને ચાલ્યા આવે છે." (બંદગી, પૃ.૬)

મનુભાઈ ત્રિવેદી – સરોદના ૨૩૪ જેટલા ભજનોમાંથી પસાર થતાં એક વાત તરત જ નજરે પડે છે કે તેમના ભજનો પરંપરામાંથી ઉત્તરી આવેલ છે. તેમણે પોતાના પૂરોગામી સંતકવિઓના ભજનોને આત્મસાત કર્યો છે; એટલે જ તેમનાં ભજનોમાં ગુરૂમહિમા, શબદસૂરતીયોગ, અગમવાણી, ભક્તિયોગ, આત્માતત્વની અનુભૂતિ, માયાનો પ્રભાવ, જયોતઉપાસના, વસ્તી ચેતવવી જેવા લક્ષણોની ઝાંખી થાય છે. ભારતીય સંતપરંપરાના તેજસ્વી સંતકવિઓ વિશે 'ઓહો મારૂં વ્યોમ !' નામની રચનામાં 'સરોદ' લખે છે :

**"ઓહો મારૂં વ્યોમ !**
**સૂર તુલસી કબીર ધનો દાદૂ રઈદાસ,**
**નરસી મીરાં દયા અખો અજવાળે આકાશ,**
**કોઈક ચમકે સૂરજ જેવા, કોઈક જાણે સોમ !**
**ઓહો મારૂં વ્યોમ !**
**ભાણ રવિ મોરાર ને જેસલ તોરલ જીવણદાસી**
**ખીમ ગોરખ ને દીન દયાળા વરસે નૂર હુલ્લાસી,**
**અલખનો અંબાર અનુપમ ઝબકે રોમે રોમ !**
**ઓહો મારૂં વ્યોમ !"** (રામરસ, પૃ.૧૯)

આવી કવિપ્રતિભાને તેઓ સારી રીતે જાણે છે, તે પોતાને આવી કોઈ પ્રતિભા માનતાં નથી. કોઈ સભાન, કસબી કળાકાર થવાનું મન પણ નથી. પોતાનાં વિશેની આવી સભાનતાને કારણે જ તેઓ 'કવિને' નામની રચનામાં લખે છે :

**"તમારે કરે લાખ તારોની વીણા,**
**છે મારા કરે એક તંબૂર નાનો,**
**બજાવી રહો છો તમે સૂર ઝીણાં,**
**બજાવં છું હું સુર એક જ ગજાનો."**

આવી પોતાનાં વિશેની સભાનતા હોવા છતાં, પૂરોગામી મહાન ચેતનાઓ સાથે પોતાને કંઈક તો નાતો છે જ એ પણ મનુભાઈ જાણે છે. એટલે જ વિષમાંથી અમૃત નિતારી જે ગાઈ ઊઠયા તેમની સાથેનો નાતો કેટલી સ્વાભાવિકતાથી ગાયો છે !

**"નરસૈયો છે મારો ભાઈ,**
**મીરાંબાઈ મારી બેન."**

માનવ અવતાર અમૂલય છે, માનવી તરીકે જન્મવું એ જ સૌથી મોટું વરદાન છે. પોતાને મળેલા મનખાવતારને ધન્ય કરી જવાની શીખ 'સોનાવાટકડી' ભજનમાં જોવા મળે છે.

**"રૂડા કંકુને કેસર ઘોળો રે,**
**મળી આ સોનાવાટકડી.**
**એને ધૂળ મહીં ન ધમરોળો રે,**
**મળી આ સોનાવાટકડી."**

મનુભાઈ વકીલ અને ન્યાયાધીશ હતા અને ફરજમાં પણ પૂરા સંનિષ્ઠ રહેલા. ન્યાય આપતી વખતે કોઈની દખલ ન ચલાવી લે અને તેમાં માનવીય બાબતોનો પણ સમન્વય કરતાં. આ સંદર્ભે હરિકૃષ્ણ પાઠક નોંધે છે : "એક ન્યાયાધીશની ચોકકસાઈ તેમનાં સર્જનને પણ લાભકારી નીવડી છે. કવિ જે સૃષ્ટિની સામગ્રી ખપમાં લે છે તેની વિગતોની ચોકકસાઈ સાથે યોજે છે; તેથી જે-તે કૃતિમાં કહેલી વાત કે કરેલ નિરૂપણ પ્રતિતીજનક અને ખાતરીબંદ લાગે છે."

મનુભાઈ ત્રિવેદી (સરોદ –ગાફિલ, પૃ.૧૩)

આ સંદર્ભમાં એક રચના ધ્યાનપાત્ર છે, જેમાં કવિમાં રહેલા ન્યાયાધીશ પેશ આવ્યા છે. કૃતિનું શીર્ષક જ ઘણું કહી દે છે – 'કાચા કામનો કેદી'. થોડી પંક્તિઓ જોઈએ.

**"મનખો મેલીને જીવ, તારે ક્યાં જવું ?**
**જીવ તું કેદી કાચા કામનો,**
**કરણીએ આવ્યો કારાગાર;**
**પડશે પુરાવા, મળશે ફેંસલો,**
**વ્યરથ શું ખખડાવે દ્વાર ?**
**મનખો મેલીને જીવ, તારે ક્યાં જવું ?" – રામરસ, પૃ.૮૦**

ભજન વિશેની વાત પૂરી કરતાં પહેલા સમગ્ર 'રામરસ' સંગ્રહનાં ઘણાં ભજનો – ભજનકડીઓ જેમને ખૂબ ગમી ગયેલી એવા સ્વામી આનંદે 'રામરસ'માં 'અંતરવલોણું' શીર્ષકથી લખેલા પ્રવેશકમાં પોતાને પ્રિય એવી પંક્તિઓ ટાંકી છે.

**"આપ કરાવે ઓળખાણ**
**એ સાચા શબદના પરમાણ.**
**સાકર કહે નહિ હું છું મીઠી,**
**વીજ ન પૂછે મુજને દીઠી;**
**મોત બતાવે ન યમની ચીઠ્ઠી**
**પેખ્યામાં જ પિછાણ,**
**એ સાચા શબદનાં પરમાણ." – રામરસ, પૃ.૭**

'રામરસ' અને 'સુરતા' ના ભજનોનાં બે સંગ્રહો પ્રગટ કર્યા પછી મનુભાઈ ૧૩૫ ગઝલોનો સંગ્રહ 'સુરખી' શીર્ષકથી પ્રગટ કરવાના હતાં, પરંતુ અચાનક તેમનું અવસાન થયું. કવિના અવસાન બાદ કવિમિત્ર મકરંદ દવેએ ૧૩૫ માંથી ૬૧ ગઝલો પસંદ કરીને 'બંદગી' શીર્ષકથી ગ્રંથસ્થ કરાવવાનો મિત્રધર્મ બજાવ્યો.

ભજનના ભગવામાંથી ગઝલના ગરવા રંગ તરફ કેમ ગયા ? તેનાં જવાબરૂપે મનુભાઈ ત્રિવેદી – ગાફિલ એક શેઅરમાં જવાબ આપે છે :

**"ન ગાઉં કેમ હું ભજનોની સાથે ગઝલો પણ ગાફિલ ?**
**અહીં ખેંચે છે મીરાંબાઈ, તો ત્યાં મીર ખેંચે છે."**

મીરાંએ ઝેરને અમરત કરીને પીધું. માલિકે સારૂં કે ખરાબ શું આપ્યું તે જોવાની, ચકાસવાની કોને પડી છે ? જે કંઈ મળે તેમાં મહેરબાની જ હોય પછી યાચના કેવી ? એવી જ વાત મીરના કલામમાં પણ છે. પણ મીરના દિમાગમાંથી જ કલંદરી ઉઠે છે તે મનુભાઈને ગઝલો લલકારતાં કરી દે છે. દર્દ–ગમની આ દુનિયા અને પેલી જિંદગીભરની ખુશહાલી – બંનેને કમે બને ? દર્દની ભીંતર ક્યાંક દવા રહી હોય, નરી પાયમાલીમાં જ ક્યાંક બહુ મોટી પ્રાપ્તિ ભરી હોય તો જ આ બની શકે. મીર પોતાની ચીંથરેહાલ દશામાં આ ગાઈ શકે છે :

**"ખુશ રહા, જબ તલક રહા જીતા,**
**મીર માલૂમ હૈ, કલંદર થા."**

મીરાંની આ કલંદરી (ફકીરી) ગાફિલની ગઝલોમાં પણ દેખાય છે એટલે જ તેમનાં એક શેઅરમાં તેઓ કહે છે,

**"જગતને કરી દે ગમે ત્યારે જાગૃત,**
**કલંદરના નારા છે મારી ગઝલમાં."**

'કલંદરના ઈશારા' શીર્ષકથી 'બંદગી' સંગ્રહના પ્રવેશકમાં શ્રી મકરંદ દવે મનુભાઈ ત્રિવેદી – ગાફિલની ગઝલ વિશે નોંધે છે કે : "ગાફિલની ગઝલમાં ત્રણ મુખ્ય સૂર સંભળાય છે : સંપૂર્ણ નિર્ભરતા, વિયોગ અને વ્યથા તેમ જ મિલનનો ચક્ચૂર કેફ." થોડા દષ્ટાંતો જોઈએ :

**(૧) "આપના ઉપર મારી એટલી છે નિર્ભરતા,**
**આપને સ્મરી લઉં હું આપ જો રજા આપો." (આપ જો રજા આપો)**

**(૨) "ભલા પૂછી રહયા છો શું, તને ક્યારે નથી ગમતું ?**
**તમે હોતા નથી પાસે, મને ત્યારે ગમતું નથી." (ક્યારે નથી ગમતું)**

**(૩) "ઉરે એક પ્રશ્ન ઉઠે છે, હતા ગાફિલ અગર શાણાં ?**
**શૂરાલયમાં ન રોકાયા અને ચક્ચૂર થઈ ચાલ્યાં" (નૂર થઈ ચાલ્યા)**

મનુભાઈ ક્યારેક ગહન વાતને ખૂબ સરળતાથી કહી દે છે. તેમની ગઝલમાં ક્યારેક ઉચ્ચ કવિત્વના ચમકારા પણ દેખાય છે જેમકે,

**"સમજવી છે સહેલી સાવ તંબૂરતાની સીમા,**

**પરંતુ સાવ સમજણ પાર છે ઝંકારની સીમા."** – સીમા

અહીં 'સાવ' શબ્દ બે વાર વાપરી કવિએ સમજણની સીમાને ચપટીમાં સમાઈ જાય એવડી અને સાથે જ બ્રહ્માંડમાં પણ ન સમાય એવડી કરી દીધી છે. મનુષ્યના આ ક્ષુદ્ર શરીરમાંથી જે ભાવનાના મેઘ ઉમટે છે, કર્તવ્યના ખેતરો લચી પડે છે, લાગણીનાં દરિયા ઘૂઘવે છે અને ચિંતનના નક્ષત્રો પ્રકાશે છે તેનો પાર કોણ પામી શકે ? તેને ભૌતીક શરીર સાથે જ બાંધી રાખવો એ તેનાં સાચાં સ્વરૂપની અવગણના છે.

બંદગીની ગઝલોમાં ક્યાંયે કડવા વેણ, ધારદાર કટાક્ષ કે કઠોરતાનું નામનિશાન નથી. પોતે ગાફિલ ઉપનામ રાખ્યું છે પણ તેમાં દીવાનગી પછી આવતાં હોશની ઝીણી નિશાની છે. ગાફિલની બેહોશીની દુનિયામાં ક્યાંક છુપા હોશ શામેલ છે. એમની ગઝલોમાંથી અનાદિના સ્પંદનો ઉઠે છે :

**"અનાદિના ઉઠે છે સ્પંદનો ગાફિલની ગઝલોમાં**
**ન એણે સુર ગાયા આ સમયનો સૂર જાણીને."**

મનુભાઈ ત્રિવેદીએ મુક્તકો પણ લખ્યા છે. ઉદાહરણ તરીકે :

**ધૂન**

**"તારા મિલનની એક હું અવિરામ ધૂન છું,**
**સ્વર, સૂર, શબ્દ, સર્વ પ્રકારે હું ન્યૂન છું,**
**મારો તું કર સ્વીકાર, પછી જોઈલે મજા,**
**તું પણ કબૂલ કરશે કે હું બેનમૂન છું."**

**પૂછો તો**

**"કોઈ કહે છે, ઘેલો માણસ છું,**
**કહે કોઈ, છકેલો માણસ છું,**
**મુજને જો પૂછો તો હું તો કહું,**
**ખોવાઈ ગયેલો માણસ છું."**

'પવન પગથિયા' શીર્ષકથી શ્રી ચંદ્રકાંત ટોપીવાળાએ મનુભાઈ ત્રિવેદીના અગ્રંથસ્થ છંદોબધ્ધ કાવ્યો, ગીત–ભજનો, ગઝલો અને બાળકાવ્યોને ગ્રંથસ્થ કર્યા છે. અહીં સત્તાવીસ જેટલાં કાવ્યોમાં કવિનું છંદપ્રભુત્વ પ્રતીત થાય છે. અગાઉ ભજન અને ગઝલમાં જ રમમાણ રહેલા કવિ અહીં દુન્યવી વિટંબણાઓ, ગાંધીયુગની સમાજાભિમુખતાને અનુરૂપ ભાષા પ્રયોજે છે. તેમાં ક્યાંક દાંપત્યપ્રેમ અને ક્યાંક હળવી હાસ્ય કટાક્ષની કૃતિઓ પણ સાંપડે છે.

'પવન પગથિયાં' સંપાદનની બીજી વિશેષતા છે એમાં ગ્રંથસ્થ થયેલા બાળકાવ્યો. અહીં બાર જેટલા બાળકાવ્યો છે. બાળકો તરફના પ્રેમની અભિવ્યક્તિરૂપે આ કવિએ બાળકાવ્યો રચ્યા છે. જેમાં બાળકોને ગમી જાય એવી કલ્પના, લય અને વસ્તુસામગ્રી દ્વારા કાવ્યોને બાલભોગ્ય બનાવ્યા છે. અહીં 'ફોરા' થી માંડીને 'નળ' અને ગધેડાની ફરિયાદ પણ છે.

**"કહે ગધેડો મૂર્ખાને જન,**
**એ જ બળાપો છે મારે મન." (ગધેડો)**

બાળકાવ્યોમાં 'સરોદ' નું રમતિયાળપણું, મોજીલાપણું જોઈ શકાય છે. બાળચેતના સાથે કામ પાડતાં કવિ 'ફોરાં' કાવ્યમાં ફોરાનાં પ્રાસ સાથે છોરાં, ઓરાં, મોરાં, ગોરાંનાં નાદ પુનરાવર્તન દ્વારા બાળકલ્પનાની સ્વાભાવિક ગતિ પ્રગટાવે છે. આ વસ્તુ 'કૂચકદમ' અને 'નળ' કાવ્યમાં પણ જોઈ શકાય :

**"મને ગમે બહું નળ**
**એની અદ્‌ભુત કળ**
**આમ ફેરવો ટીપું ન પાણી**
**તેમ ફેરવો ત્યાં જળ જળ ! (નળ)**

શ્રી હરિકૃષ્ણ પાઠક નોંધે છે કે મનુભાઈના અન્ય સાહિત્ય સ્વરૂપે 'મકરંદ પચીશી' ના દોહરા મળ્યા છે. એ ઉપરાંત વાર્તા, રેડિયો નાટિકા, એકાંકી, પ્રસંગચિત્રણો અને અધ્યાત્મિક લેખો વગેરે સાહિત્ય મળેલ છે.

મનુભાઈ ત્રિવેદી–સરોદ–ગાફિલની વાત પૂરી કરતાં પહેલા એ બાબત પણ નોંધવી જોઈએ કે હરીન્દ્ર દવે જેવા સર્જક અને ગઝલકાર કવિને ગાફિલની ગઝલો વધુ પડતી સરળ લાગી છે. અહીં શ્રી ચંદ્રકાંત ટોપીવાળાનું નિરીક્ષણ પણ નોંધપાત્ર છે.

"પારંપરિક રૂપો પરનો અતિશય મદાર, નવી શક્યતાઓ માટેની ઓછી ખેવના, વાણીનાં અને વિચારના ચોક્કસ પૂર્વાનુમન કરી શકાય એવા નિશ્ચિત ચોકઠાઓ, કોઈ પણ પ્રયત્નને આધિભૌતિક ક્ષેત્રમાં ખેંચી લાવવાનું શૈલી વલણ – આ બધાને કારણે આ કવિના વિપુલ રચનારાશિમાંથી કંઈક અંશે સજીવ રચનાઓને જુદી તારવવાનું કામ થોડુંક કપરૂં હતું. આમ છતાં, ભક્તિરસના કવિ તરીકે અને ભક્તિભાવસભર ગઝલકાર તરીકે આ કવિના અન્ય વિસરાયેલાં પાસાંઓના ઉમરેણ સાહિત આ સંપાદન કવિને એના ઉચિત પરિપ્રેક્ષ્યમાં મૂકવા મથ્યું છે. કોઈ પણ જાતનું ધ્યાન ખેંચવાની પેરવી કર્યા વગર પોતાના ઝીણા સૂરે કાવ્યવારસાને આગળ વધારનારા આવા કવિઓનું યોગદાન સહેલાઈથી વિસરાવું ન જોઈએ."